# સત્સંગ સમાચાર

## સક્રિય કાર્યકરોને ઉપાસના દઢ કરાવતી એક દિવસીય શિબિર યોજાઈ

સંતભગવંત સાહેબજીની પ્રેરણા અને આશીર્વાદથી અનુપમ મિશનનાં તમામ મંડળોના સક્રિય કાર્યકર્તાઓની એક દિવસીય શિબિરનું સુંદર આયોજન અનુપમસ્વજન યોગેન્દ્રભાઈ પટેલ (યુ.કે.)ના ખાંધલી-આણંદ સ્થિત 'નિજાનંદ રિસૉર્ટ'માં ૨૨ એપ્રિલ, ૨૦૧૮નારોજ કરવામાં આવ્યું.

આ શિબિરનો મુખ્ય હેતુ સંતભગવંત સાહેબજીએ સ્વયં પ્રાથમિક ઉદ્‌બોધનમાં સ્પષ્ટ કરી આપ્યો : 'શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની દઢતા.' ઉપાસનાની વાતને દઢ કરાવતાં પ.પૂ. મહંતસ્વામીજીએ સૌને નિત્ય ચિંતવન કરવાનો મંત્ર આપ્યો છે, 'અક્ષરમ્ અહં પ્રગટ પુરુષોત્તમસ્વરૂપસ્ય દાસોસ્મિ-અર્થાત્ અક્ષર એવો હું, પ્રગટ પુરુષોત્તમસ્વરૂપ ગુરુહરિનો દાસ છું.' પ્રગટની ઉપાસનાના રહસ્યાર્થને પ્રકાશિત કરતો આ મંત્ર ભક્તિમાર્ગે સાધના કરતા પ્રત્યેક સાધક માટે દીવાદાંડીરૂપ છે તેની સ્પષ્ટ સમજણ સાહેબજીએ આપી ને જણાવ્યું કે, 'અક્ષરપુરુષોત્તમ ઉપાસનામાં દાસત્વભક્તિ એ શિરમોર સમી છે.'

ડૉ. મનોજભાઈ સોનીએ શિબિર વિષયનું વિશ્લેષણ કરતાં જણાવ્યું કે, મનુષ્યજીવનના ચાર મુખ્ય હેતુ જે શાસ્ત્રોમાં કહ્યા છે તે-ધર્મ, અર્થ, કામ અને મોક્ષ છે. પરંતુ, જો આ ચાર હેતુ ધર્મએ બાંધેલ મર્યાદામાં રહીને સાકાર થાય તો મોક્ષ સિદ્ધ થાય. શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનું આ હાર્દ છે. અને એ હેતુ સિદ્ધ કરવા દાસત્વભક્તિ અત્યંત અનિવાર્ય છે. સેવક સહજ થઈ જવાય પણ, દાસ થવું તે લક્ષ્ય હોવું જોઈએ. ભક્તનો ધર્મ દાસ થવું તે છે. જે દાસ થયો તેણે ગુરુના રાજીપારૂપી અર્થ પ્રાપ્ત કરવાનો છે. દાસની કામના હોય કે પોતાના ગુરુહરિનું કાર્ય, તેમની રીતે, કેવળ તેમને જ રાજી કરવા થાય. જે ભક્ત દાસભાવે આ કામનાથી જીવે તેનો મોક્ષ સહજ સિદ્ધ થાય.




સક્રિય કાર્યકર શિબિરમાં સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન

સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ દાસ થવાની અદ્‌ભુત વિક્તિ સ્પષ્ટ કરી. સ્વામી-સેવકભાવની સમજણ આપતાં તેઓએ જણાવ્યું કે, 'જે સેવી રહ્યો છે તે સ્વામી છે અને જે સેવાઈ રહ્યો છે તે સેવક છે. પરંતુ, આપણી યાત્રા તો દાસ થવાની છે. મન સાથે જે જીવે તે સેવક, પરંતુ મન અર્પણ કરીને જે જીવે તે દાસ. સેવક માત્ર સ્વામીની સેવા કરે, જ્યારે દાસ છે તે સ્વામીના સેવકની પણ સેવા કરે. આવો દાસત્વભાવ સાહેબજી સૌને પોતાના વર્તનથી દઢ કરાવી રહ્યા છે. આ જ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો મુખ્ય હાર્દ છે.'

સવારની મુખ્ય સભામાં થયેલ દિવ્ય અનુભૂતિ સૌને એક ઊંચી આધ્યાત્મિક ભૂમિકાનો સહજ અનુભવ કરાવી રહી હતી. સૌ એવું દઢપણે અનુભવતા હતા કે, સંતભગવંત સાહેબજી જે અક્ષરધામનાં સુખ, શાંતિ અને આનંદને ભોગવી રહ્યા છે, તે સૌ માટે આવી શિબિરના માધ્યમથી સહજ અને સુલભ બનાવી રહ્યા છે. તેના ફળ સ્વરૂપે સૌના હૈયે એક અવાજ ગૂંજ્યો કે, 'પ્રેમનું નિતાંત, નિર્વ્યાજ સ્વરૂપ એટલે સંતભગવંત સાહેબજી.' આ અનુભવદર્શન વલ્લભવિદ્યાનગરના જયગોપાલભાઈ, અમદાવાદનાં અમીબહેન, જૂનાગઢના થોભણભાઈ, રાજકોટના મુકુંદભાઈ, સુરતના રાજુભાઈ, અમદાવાદના ચેતનભાઈ તેમજ સીમાબહેન અને અમૃતભાઈના શબ્દોમાં સહજ વહ્યાં.

વ્રતધારી સંતો પૂ. દિવ્યેશભાઈ સાંગાણી, પૂ. પીટરભાઈ, પૂ. દિલીપભાઈ દેસાઈએ પણ સૌને રૂડાં માર્ગદર્શન આપ્યાં. અત્યંત ગરજુ થઈ સંતભગવંત સાહેબજીએ સતત એક કલાકથી પણ વધુ આશિષ પરાવાણી વહાવી સૌને કૃતાર્થ કર્યાં. ગુરુદેવ યોગીજીમહારાજ અને ગુરુવર્ય શાસ્ત્રીજીમહારાજના ભીડા અને ભક્તિનાં વર્ણન કરી સૌને ઉપાસનાના માર્ગે ડગ માંડવા બળ દીધાં. મંડળોમાં અઠવાડિક સત્સંગસભા, માસિક સમૂહધૂન, નિત્ય એક પાનનું મંત્રલેખન, ગુણાતીત સ્વરૂપોનાં જીવનચરિત્રોનાં નિત્ય વાંચનના નિયમ લેવડાવી સૌને મોક્ષમાર્ગના ભાગીદાર બનવાની દિશા દર્શાવી. વળી, પ્રભુ મોગરી સ્થિત તપોભૂમિમાં નૂતન મંદિરમાં બિરાજમાન થાય તે માટે નિત્ય પ્રાર્થના, નિત્ય સેવા અને નિત્ય સમાગમના આદેશ દીધા. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ધનંજયભાઈ પટેલે કર્યું. ◆

## અનુપમ મિશન સૉશ્યલ વૅલફૅર સૅન્ટર, ખારઘર-નવી મુંબઈ સ્થિત શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૧૧મો પાટોત્સવપર્વ

**'યોગી ગીતા' પારાયણ** : સંતભગવંત સાહેબજીની આજ્ઞાથી અનુપમ મિશન સૉશ્યલ વૅલફૅર સૅન્ટર, ખારઘર સ્થિત શ્રી સ્વામિનારાયણ મંદિરના ૧૧મા પાટોત્સવપર્વ નિમિત્તે ૨૮થી ૩૦ એપ્રિલ ૨૦૧૮ દરમિયાન સદ્‌ગુરુ સંત પૂ.

અશ્વિનદાદાના શ્રીમુખે 'યોગી ગીતા' ગ્રંથના પારાયણનાં અદ્‌ભુત આયોજન થયાં. પૂ. અશ્વિનદાદાનું સાંનિધ્ય પ્રાપ્ત થયું તેનો આનંદ સૌના હૈયામાં ગૂંજતો હતો. પ્રથમ દિવસે પોથીયાત્રા દ્વારા આબાલવૃદ્ધ સૌએ ભક્તિ અદા કરી. ત્યારબાદ પૂ. અશ્વિનદાદાએ દીપ પ્રગટાવી પારાયણના શુભારંભ કર્યા.

ત્રણેય દિવસ ગુરુદેવ યોગીજીમહારાજે 'યોગી ગીતા'માં આપેલા 'સુનૃત'ના મુદ્દા, યોગીજીમહારાજની જીવનભાવના, યોગીજીમહારાજની હૃદયની ભાવના આદિનું અદ્‌ભુત વિશ્લેષણ કરી સૌને સત્સંગનું અમૃત સુખ આપ્યું. ગુરુદેવ યોગીજીમહારાજની આધ્યાત્મિક ભાવનાને છતી કરી પૂ. અશ્વિનદાદાએ સૌના જીવનમાં તે સહજ અને સુલભ બને તે રીતે સમજ આપી. પૂ. અશ્વિનદાદાની લાક્ષણિક શૈલી સૌના અંતરને સ્પર્શી ગઈ ને તેઓના શ્રીમુખે વહેતાં આધ્યાત્મિક જ્ઞાનનાં સ્પષ્ટીકરણથી અનેકોની ભ્રમણાઓ અને દ્વિધાઓ ભાંગી. જાણે પરમ જ્ઞાનની પ્રાપ્તિ થઈ હોય તેવો સૌનો અનુભવ રહ્યો. ◆

**પાટોત્સવપર્વ :** ૧ મેના મંગલ દિવસે અનુપમ મિશન સૉશ્યલ વેલ્ફેર સેન્ટર, ખારઘર સ્થિત શ્રી સ્વામિનારાયણ મંદિરની મૂર્તિઓના ૧૧મા પાટોત્સવપર્વની ઉજવણી સદ્‌ગુરુ સંત પ.પૂ. અશ્વિનભાઈ, અનુપમ મિશનના વ્રતધારી સંતો, આમંત્રિત મહેમાનો અને સ્થાનિક ભક્તોના સાંનિધ્યે ભક્તિભાવથી સંપન્ન થઈ. ૩૦ એપ્રિલ, ૨૦૧૮ની સાંજે અમદાવાદના કલ્પેશભાઈ-ચેતનભાઈ વ્યાસ અને મુંબઈ મંડળના સૂરવૃંદના યુવકોએ ભજન સંધ્યા પ્રસ્તુત કરી સૌને ભક્તિ રસમાં તરબોળ કર્યા.

૧ મે, ૨૦૧૮ની મંગલ પ્રભાતે પાટોત્સવવિધિનો પ્રારંભ થયો. સાધુ પૂ. રાજુભાઈએ મધુર કંઠે ભક્તિભાવથી સમગ્ર વિધિ કરાવી. પાટોત્સવ પૂજાવિધિમાં બિરાજમાન સર્વ યજમાનોનાં સંતોએ પૂજન, ખેસ અર્પણ અને કંકણબંધન કર્યાં. ગર્ભગૃહમાં પૂ. અશ્વિનદાદા, પૂ.અરુણભાઈ, પૂ. ભરતભાઈ (પવઈ), પૂ.દિનેશભાઈ, પૂ.ગોપાલભાઈ અને સંતોએ ધામ-ધામી-મુક્ત અને સર્વ સ્વરૂપોની મૂર્તિઓનાં પાટોત્સવ પૂજન કર્યાં. યજમાનો દ્વારા શ્રી ઠાકોરજીનાં પાદ-પ્રક્ષાલન, શ્રી ઠાકોરજીનાં મહિમાગાન થયાં, મંત્રપુષ્પાંજલિ, થાળ ને આરતી અર્પણ કરી જયનાદ સાથે પાટોત્સવવિધિ સંપન્ન થઈ.

પાટોત્સવની મુખ્ય સભામાં જગતભાઈ, હેતનભાઈ, હેમાંગ ભટ્ટ, મીઠીબહેન, પલ્લવીબહેન, પારસ દેસાઈએ ખારઘર મંદિર અને સ્થાનિક સંતો પૂ. દિનેશભાઈ મોદી, પૂ. હરિકૃષ્ણભાઈ વીંછી તેમજ પૂ. ઉમેશભાઈ ઠક્કર અને પૂ. ગોપાલભાઈ આદિ સંતોના સમાગમથી જીવનમાં થયેલ દિવ્ય અનુભવોનું દર્શન કરાવ્યું. સાધુ પૂ. રાજુભાઈએ પ્રાસંગિક માહાત્મ્યગાન કર્યાં. પૂ. ભરતભાઈ (પવઈ)એ આશિષ આપતાં જણાવ્યું કે, 'ખારઘરના સ્થાનિક ભક્તોનાં સમર્પણને જોઈ આનંદ થાય છે.'

સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ આપતાં જણાવ્યું કે, સંતભગવંત સાહેબજીએ સક્રિય કાર્યકરોની મીટિંગમાં આજ્ઞા આપી છે તે આજ્ઞા અચૂક પાળવી એ જ સાચો સત્સંગ છે. ◆

## શ્રદ્ધાંજલિ :

*** કિરીટભાઈ શાહ :** અમદાવાદનિવાસી શ્રદ્ધાવાન અક્ષરમુક્ત કિરીટભાઈ શાહ ૧૭ એપ્રિલના રોજ અક્ષરધામ સિધાવ્યા. કિરીટભાઈએ જીવનભર સેવા કરી અને વર્ષો સુધી બ્રહ્મજ્યોતિ-મોગરીમાં સંતોના માર્ગદર્શને મંદિરની, મુખ્ય ઑફિસની આદિ અનેક સેવાઓમાં જીવનને રચ્યુંપચ્યું રાખ્યું. સાહેબજી અને સદ્‌ગુરુ સંતોમાં જીવ જોડી સાધના કરતા રહ્યા. ભગવાનના ભક્તોની માહાત્મ્યેયુક્ત સેવા કરી સંતોનો રાજીપો પ્રાપ્ત કર્યો અને ભગવાનનાં કાર્યોમાં તન-મન-ધનથી સેવાઓ વહાવી જીવન ધન્ય કર્યું. સેવાના આ સંસ્કાર તેઓના પુત્ર હેતલભાઈ ને દીકરી દીપલબહેનને પણ આપ્યા અને સ્વધર્મ નિભાવ્યો. અક્ષરધામગમન બાદ પોતાની જીવનભાવના અનુસાર પોતાના પાર્થિવ દેહને પણ મૅડિકલ રિસર્ચ અર્થે સમાજસેવા માટે દાન કર્યો. આવા પ્રભુના અક્ષરમુક્ત પ્રભુસમીપ બિરાજી ગયા અને સૌને પ્રેરણા આપતા ગયા. પ્રભુના કર્તાપણાનો સ્વીકાર કરનાર સૌ પરિવારજનોને ખૂબ બળ મળે એવી પ્રાર્થનાઓ !

*** વિક્રમભાઈ જોષી :** શિક્ષણસેવા અને વ્યવસ્થામાં પરિપાક એવા વલ્લભવિદ્યાનગર નિવાસી અક્ષરમુક્ત વિક્રમભાઈ જોષી ૨૪ એપ્રિલના રોજ અક્ષરધામ સિધાવ્યા. સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતો પ્રત્યે અપ્રતિમ શ્રદ્ધા અને પ્રીતિ ધરાવનાર વિક્રમભાઈએ જીવનપર્યંત પ્રગટની નિષ્ઠા દૃઢ રાખી. તેઓનાં ધર્મપત્ની નીતાબહેન જોષી, દીકરી શ્રુતિ અને દીકરા અગમને પણ ભક્તિનો આ જ સંસ્કારવારસો આપી ગૃહસ્થાશ્રમને દીપાવ્યો. કૅનેડા ગયા ત્યારે અદ્‌ભુત સત્સંગ કર્યો અને કરાવ્યો. પ્રગટ ગુરુહરિ સાહેબજીનો યોગ પ્રાપ્ત થયો ત્યારથી જીવનની ધન્યતાને માણતા રહ્યા. આવા અક્ષરમુક્ત નવા જન્મે પ્રભુનો યોગ પામી સાધનાયાત્રા પૂર્ણ કરે છે, તે વિશ્વાસે પ્રભુના કર્તાપણાને સ્વીકારનાર પરિવારજનોને ધન્યવાદ ! ◆

## અનાદિ મહામુક્ત
## પરમ પૂજ્ય સોનાબા કેળવણી કૌશલ્ય પુરસ્કાર

૨૦૧૭-૧૮ના શૈક્ષણિક વર્ષ દરમિયાન લેવાયેલી ધોરણ ૧થી ૧૨ની પરીક્ષાઓમાં ૭૦% કે તેથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર ગુણાતીત સમાજનાં બાળકો-બાલિકાઓ પુરસ્કાર મેળવવાપાત્ર બની શકે છે. ધોરણ ૧૧ અને ૧૨માં વિજ્ઞાન, વાણિજ્ય અને વિનયન માટે અલગ અલગ પુરસ્કાર આપવામાં આવે છે.

પુરસ્કાર ઇચ્છતા વિદ્યાર્થીઓએ નીચેની સૂચનાઓનું પાલન કરવું :

૧. જે મંડળની અઠવાડિક સભામાં બાળકો-બાલિકા જતાં હોય તે મંડળના સંચાલકશ્રી દ્વારા જ અરજીપત્રક મેળવવાં અને મોકલવાં.
૨. મંડળસંચાલકની સહી વગરનાં અધૂરી વિગતવાળાં અરજીપત્ર સ્વીકારવામાં આવશે નહીં.
૩. અરજીપત્ર સાથે જે-તે ધોરણની માર્કશીટની પ્રમાણિત નકલ જોડવી.
૪. પૂર્ણ વિગતો ભરેલાં અરજીપત્રો ૩૦ જૂન, ૨૦૧૮ સુધીમાં નીચેના સરનામે મોકલવાં. તે પછી મોકલેલાં અરજીપત્ર સ્વીકારાશે નહીં.

**પ.પૂ. સોનાબા કેળવણી કૌશલ્ય પુરસ્કાર**
**અનુપમ મિશન, બ્રહ્મજ્યોતિ, યોગીજી માર્ગ, ૩૪૫, ગુજરાત**